# ૨૦૨૫-૨૬ ના તમામ વિભાગની શાળાકીય પ્રવૃત્તિ

**૨૬/૪/૨૫ :** શાળાનાં શિક્ષકો **બ્રહ્માકુમારી કેન્દ્ર નિલકંઠ નગર, ભરૂચ** ખાતે આધ્યાત્મિક શિબિરમાં હાજર રહ્યાં.






**૯/૬/૨૫ : શાળા પ્રવેશોત્સવ :** શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે સમૂહ પ્રાર્થના થકી દેવી સરસ્વતીની આરાધના કરી ઊર્જામય, આધ્યાત્મિક ભાવાવરણ થકી શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. બાળકોનું મોં મીઠું કરાવી, કંકુ તિલક કરી નવા શૈક્ષણિક વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી. શાળાનાં આચાર્યા બિનીતાબેન ગોહિલે તથા જિજ્ઞેશભાઇ જોષી દ્વારા પ્રેરણાત્મક વકતવ્ય થકી સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકોમાં એક નવો સંચાર, આનંદ- ઉલ્લાસનું સિંચન કરવામાં આવ્યું.

**૨૧/૬/૨૫ : આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી** અંતર્ગત ભરૂચ નગરપાલિકા તથા નારાયણ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે જે. બી. મોદી પાર્કની બાજુમાં આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે શાળાના ધો. ૯ થી ૧૧ ના વિદ્યાર્થીઓનો "યોગ" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં નગરપાલિકાના કર્મચારીઓ, હોમગાર્ડ, GRD કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના યોગાસનો, પ્રાણાયામ કરી સ્વસ્થ જીવનમાં યોગના મહત્વને સમજાવ્યું. આ કાર્યક્રમના કન્વી. શિક્ષક ચિમનભાઇ પરમાર તથા અલ્પેશભાઇ પટેલ હતા.





**૨૧/૬/૨૫ : રકતદાન કેમ્પ :** ૧૪ જૂન વિશ્વ રકતદાન દિન અંતર્ગત નારાયણ વિદ્યાલય, ભરૂચ અને રેડક્રોસ, ભરૂચનાં સંયુકત ઉપક્રમથી શાળામાં વિશ્વયોગ દિન નિમિત્તે સ્વૈચ્છિક રકતદાન કેમ્પ યોજાયો. જેમાં શાળ પરિવારનાં સભ્યો તથા વાલીશ્રીઓ દ્વારા કુલ-૩૨ વ્યકિતઓએ રકતદાન કર્યુ. રેડક્રોસ ભરૂચ લેબમાંથી ડૉ. ઉર્મી પરમાર, પદમાબેન પટેલ, હિરેનભાઇ ચૌહાણ, નીધિ વસાવા, કોકિલા વસાવા વગેરે કર્મચારીઓ આ કામગીરીમાં જોડાયાં હતાં. આ કાર્યક્રમનાં મુખ્ય કન્વી.: જિજ્ઞેશભાઇ જોષી, (આચાર્ય ગુ.મા. નોન ગ્રાન્ટેડ વિભાગ)




**૨૨/૬/૨૫ : દિવ્ય ભાસ્કર દ્વારા આયોજીત પ્રતિભાશાળી વિદ્યાર્થી સન્માન સમારોહ ઇ.એન. જીનવાલા ટાઉનહોલ, અંકલેશ્વર ખાતે યોજાયો.** જેમાં શાળાનાં ધો-૧૦ અને ૧૨ (ગુ.મા., અં.મા.) નાં ૭૦% થી ઉપર ટકા લાવનાર વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા. સાથે આ કાર્યક્રમનાં સહસંચાલક FDDI (ફૂટવેર ડીઝાઇન એન્ડ ડેવલોપમેન્ટ ઇન્સ્ટીટ્યૂટ) સંસ્થા દ્વારા પણ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં શાળાનાં પ્રતિનિધિ તરીકે શાળાના અં.મા.ના આચાર્યા વિદ્યાબેન રાણા, ઉર્વશીબેન જાની, પૂર્વાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતાં.

**૧૦/૭/૨૫ : ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદ ખાતે** આયોજિત એક દિવસીય **"બાળ ઉર્જા રક્ષક દળ"** (**BURD**) કાર્યક્રમ માટે ઓરિએન્ટેશનનું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમમાં શાળાનાં શિક્ષિકા હિનાબેન ભાવસાર અને દિવ્યાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં.